તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આજે મહારાષ્ટ્રમાં સાત હજાર, 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત અને લોકાર્પણ
2) ભારતીય રિઝર્વ બેંકે સતત દસમી વખત રેપો રેટને 6.50 ટકાના દર પર યથાવત રાખ્યો
3) હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં બહુમતી મળ્યા બાદ ભારતીય જનતા પાર્ટીની સરકાર રચવાનાં ચક્રો ગતિમાન
4) UNFPAએ સગર્ભા મહિલાનાં આરોગ્ય અને પરિવાર નિયોજનમાં ભારતે કરેલી અસાધારણ પ્રગતિની પ્રશંસા કરી
5) ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ આજે દિલ્હીમાં બીજી ટી20 મેચમાં બાંગ્લાદેશ સામે રમશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PM YOJANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં સાત હજાર, 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું વર્ચૂઅલી ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમમાં ઉપસ્થિત છે.

આ યોજનામાં ડૉ. બાબા સાહેબ આંમ્બેડકર આંતરરાષ્ટ્રીય વિમાન મથકના ઉન્નયન અને શિરડી વિમાન મથકના નવા એકીકૃત ટર્મિનલ ભવનનું નિર્માણ પણ સામેલ છે.

મુંબઈ, નાસિક, જાલના, અમરાવતી, ગઢચિરોલી, બુલઢાણા, વાશિમ, ભંડારા, હિંગોલી અને થાણે જિલ્લાના અંબરનાથમાં સરકારી મેડિકલ કૉલેજનું ઉદ્ધાટનનો કાર્યક્રમ પણ ચાલી રહ્યો છે.

શ્રી મોદી ઉદ્યોગ ક્ષેત્ર માટે કાર્યબળ તૈયાર કરવાના હેતુથી ભારતીય કૌશલ સંસ્થાન – IIS, મુંબઈનું પણ ઉદ્ધાટન કરશે. શ્રી મોદી વિદ્યા સમીક્ષા કેન્દ્રનું પણ ઉદ્ધાટન કરશે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ***PM-LAOS-VISIT***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી લાઓસની  બે દિવસની મુલાકાતે જશે. જ્યાં તેઓ 21મી આસિયાન-ભારત શિખર બેઠક અને 19મી પૂર્વ એશિયા શિખર બેઠકમાં હાજરી આપશે.  શ્રી મોદી શિખર સંમેલનથી અલગ દ્વિપક્ષીય બેઠકો પણ કરે તેવી શક્યતા છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *HARYANA CM- PM MEETING*-1

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળ્યા બાદ મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ આજે રાજધાનીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે તેમનાં નિવાસસ્થાને મુલાકાત કરી હતી. કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરે ગઈ કાલે મુખ્યમંત્રી તરીકે નાયબસિંહ સૈનીનાં નામની જાહેરાત કરતા આ મુલાકાત મહત્વપૂર્ણ છે. જોકે, પક્ષનું સંસદીય બોર્ડ અંતિમ નિર્ણય લેશે.

દરમિયાન, ગઈ કાલે નવી દિલ્હીમાં ભાજપ મુખ્ય કાર્યાલય ખાતે પક્ષના કાર્યકર્તાઓને સંબોધન કરતા પ્રધાનમંત્રી મોદીએ હરિયાણા અને જમ્મુ કાશ્મીરના લોકોને શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે હરિયાણામાં અત્યાર સુધી 13 ચૂંટણીઓ થઈ છે, જેમાંથી 10 ચૂંટણીમાં હરિયાણાના લોકોએ દર પાંચ વર્ષમાં સરકાર બદલી છે. જો કે આ પહેલીવાર છે જ્યારે પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કરનાર સરકારને ફરી રાજ્યમાં તક મળી છે. પ્રધાનમંત્રી મોદીએ વધુમાં આ મુજબ જણાવ્યું

(PM Byte Haryana)

જમ્મૂ કાશ્મીર મુદ્દે તેમણે કહ્યું કે એક દાયકો રાહ જોયા બાદ આખરે જમ્મુ કાશ્મીરમાં શાંતિપૂર્ણ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી લડનારા તમામ પક્ષોમાં ભાજપનો વોટશેર સૌથી વધારે છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *HARYANA AND JK RESULTS-*

હરિયાણા અને જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે પરિણામો જાહેર થઈ ચૂક્યા છે. ચૂંટણી પંચના અહેવાલ અનુસાર ભારતીય જનતા પાર્ટી 90 સભ્યોની હરિયાણા વિધાનસભામાં બહુમતીનો આંકડો પાર કરી ગઈ છે. ભાજપે સતત ત્રીજી વખત હરિયાણામાં સત્તા જાળવી રાખી છે. દરમિયાન, નેશનલ કૉન્ફરન્સ અને કૉંગ્રેસ ગઠબંધન જમ્મુ અને કાશ્મીરમાં આગામી સરકાર બનાવવા માટે તૈયાર છે. તેમણે 90 સભ્યોની વિધાનસભામાંથી 48 બેઠકો મેળવી છે.

હરિયાણામાં ભાજપે 48 વિધાનસભા બેઠકો જીતી છે, જ્યારે કૉંગ્રેસે 31 બઠકો, તો ભારતીય રાષ્ટ્રીય લોકદળને બે બેઠકો મળી છે. ત્રણ વિધાનસભા બેઠક પર અપક્ષ વિજયી થયા છે.

ભાજપ નેતા અને મુખ્યમંત્રી નયબ સિંહ સૈનીએ લાડવા બેઠક પરથી 16 હજારથી વધુ મતોથી જીત નોંધાવી છે. રાજ્યના મંત્રી અનિલ વિજે અંબાલા કેન્ટ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર ચિત્રા સરવરાને હરાવ્યા છે. કોંગ્રેસના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાએ રોહતકની ગઢી સાંપલા કિલોઈ બેઠક 71,000 થી વધુ મતોથી જીતી હતી. કોંગ્રેસ તરફથી કુસ્તીબાજ વિનેશ ફોગાટ જુલાના મતવિસ્તારમાંથી જીતી ગયા છે.

જમ્મુ અને કાશ્મીરમાં તમામ 90 બેઠકોના પરિણામ જાહેર થયા છે. જેમાં નેશનલ કૉન્ફરન્સે 42 બેઠકો જીતી હતી, જ્યારે તેના સહયોગી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને 6 બેઠકો મળી હતી. ભારતીય જનતા પાર્ટીને 29 બેઠકો મળી છે.

જમ્મુ-કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ ત્રણ બેઠકો જીતી છે. જમ્મુ અને કાશ્મીર પીપલ્સ કૉન્ફરન્સ, કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (માર્કસવાદી) અને આમ આદમી પાર્ટીને એક-એક સીટ મળી છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં અપક્ષોએ સાત બેઠકો જીતી છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *RBI REPO RATE*

ભારતીય રિઝર્વ બેંકે આજે સતત દસમી વખત પૉલિસી રેપો રેટને 6.50 ટકાના દર પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. પરિણામે ડિપોઝિટ ફેસિલિટી – SDF રેટ 6.25 ટકા અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી – MSF  રેટ અને બેન્ક રેટ 6.75 ટકા પર રહે છે. RBI એ ફેબ્રુઆરી 2023 થી બેન્ચમાર્ક વ્યાજ દર પર યથાવત સ્થિતિ જાળવી રાખી છે.

નાણાકીય નીતિ સમિતિ – MPC એ નાણાકીય નીતિ વલણને તટસ્થ રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય વિકાસને ટેકો આપતા પ્લસ અથવા માઇનસ 2 ટકાના બેન્ડમાં 4 ટકાના ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકને હાંસલ કરવાનો ઉદ્દેશ્ય સાથે સુસંગત છે. રિઝર્વ બૅંકે જાહેર કરેલા નિવેદનમાં નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વિકાસ દર 6.7 ટકના દરે હોવાનો ઉલ્લેખ છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PREZ-AIIA VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સમગ્ર દેશમાં પરંપરાગત દવાઓની ઉપલબ્ધતા વધારવા માટે યુવાનોને આયુર્વેદ ક્ષેત્રમાં સાહસો સ્થાપવા પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

આજે નવી દિલ્હીમાં અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાના 8મા સ્થાપના દિવસની ઉજવણીનું ઉદ્ઘાટન કરતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આયુર્વેદ હંમેશા લોકોના જીવનનો અભિન્ન ભાગ રહ્યો છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે કેટલીક વ્યક્તિઓ અન્ય લોકો સાથે દગો કરે છે અને નકલી દવાઓ અને ભ્રામક જાહેરાતોનો પ્રચાર કરીને તેમના નાણાંનો દુરુપયોગ કરે છે તે મુદ્દા ઉપર પણ ભાર મૂક્યો હતો.. આવા લોકો સામે કડક કાર્યવાહી કરવાની હાકલ કરતાં રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે દેશમાં લાયકાત ધરાવતા આયુર્વેદિક ડોકટરોની જરૂર છે જેથી લોકોને અભણ પ્રેક્ટિશનરોનો સંપર્ક ન કરવો પડે.

રાષ્ટ્રપતિ મુર્મુએ એ પણ ઉલ્લેખ કર્યો છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં, આયુર્વેદિક કોલેજોમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. રાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી દિવસોમાં આયુર્વેદિક ડોકટરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે.

રાષ્ટ્રપતિએ ઇનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપ માટે ઇન્ક્યુબેશન સેન્ટર ધરાવવા બદલ ઇન્સ્ટિટ્યૂટની વધુ પ્રશંસા કરી હતી જેનો ઉદ્દેશ્ય યુવા ઇનોવેટર્સ અને સાહસિકોની ક્ષમતા વધારવાનો છે અને તેણે 50 સ્ટાર્ટઅપ્સની સ્થાપના કરવામાં મદદ કરી છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *UNFPA-MATERNAL HEALTH*

સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા ભંડોળ -UNFPA એ માતાના સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજનને આગળ વધારવામાં ભારતની પ્રશંસા કરી છે.

UNFPAના કાર્યકારી નિદેશક ડૉ. નતાલિયા કાનમ, નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં, માતાના સ્વાસ્થ્ય અને કુટુંબ નીયોજનમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને સુખાકારીને આગળ વધારવા માટે અને ભારત સાથે ભાગીદારી કરવા માટે ભંડોળની પ્રતિબદ્ધતાને દોહરાવી હતી.

તેમણે 2000 અને 2020 વચ્ચે માતા મૃત્યુ દરમાં 70 ટકાનો ઘટાડો કરવાના ભારતના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ સાથે, દેશ 2030 પહેલા માતા મૃત્યુ દરને સિત્તેર ટકાથી નીચે લાવવાના ટકાઉ વિકાસ લક્ષ્યને હાંસલ કરવાની સ્થિતિમાં પહોંચી ગયો છે. આ નોંધપાત્ર પ્રગતિએ દેશભરની હજારો મહિલાઓના જીવન બચાવ્યા છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MALE CRICKET*

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ આજે દિલ્હીના અરૂણ જેટલી આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં ત્રણ મેચોની શ્રેણીના બીજા ટી20 મેચમાં બાંગ્લાદેશ સામે રમશે. ભારતીય સમય અનુસાર સાંજે સાત વાગે આ મેચ શરૂ થશે. સૂર્ય કુમાર યાદવના નેતૃત્વમાં ભારત શ્રેણીમાં એક – શૂન્યથી આગળ છે.

શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે બાંગ્લાદેશને સાત વિકેટે હરાવીને સરળ જીત મેળવી હતી. આ મેચમાં અર્શદીપ સિંહ અને વરૂણ ચક્રવર્તીએ ત્રણ - ત્રણ વિકેટ લીધા હતા. જ્યારે હાર્દિક પંડ્યાએ માત્ર 16 બોલમાં 39 રન બનાવ્યા હતા.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *KOKERNAG OPERATION*

કાશ્મીર ખીણમાં, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કોકરનાગના કાઝવાન જંગલ વિસ્તારમાં આતંકવાદ વિરોધી અભિયાન દરમિયાન એક સૈનિક ગુમ થયાની માહિતી મળી છે.

સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, સૈન્ય દળોએ લખ્યું છે કે ગુપ્ત માહિતીના આધારે, સૈન્ય દળે પોલીસ અને અન્ય એજન્સીઓ સાથે મળીને ગઈકાલે કોકરનાગના કાઝવાન જંગલ વિસ્તારમાં સંયુક્ત આતંકવાદ વિરોધી અભિયાન શરૂ કર્યું હતું, જે આખી રાત સુધી ચાલ્યું હતું બચાવ અને શોધ અભિયાન પણ ચાલુ છે.

તા. 09-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IMD-WEATHER*

હવામાન વિભાગે ઉત્તર પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પ સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર કેરળ, માહે, લક્ષદ્વીપ, તમિલનાડુ, પુડુચેરી, કોડાઈકેનાલ, રાયલસીમા અને તટિય કર્ણાટકમાં આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદની શક્યતા છે. તો આ મહિનાની 11 તારીખ સુધી અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ તેમજ ત્રિપુરામાં ભારે વરસાદ પડી શકે છે.